આ વર્ષે ભલે વરસાદ મોડો આવ્યો હોય પરંતુ ધોધમાર વરસ્યો છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસો દરમ્યાન પડેલા વરસાદના કારણે ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. જો કે તેમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે જેના કારણે મચ્છરજન્ય રોગચાળો વધુ વકરવાની દહેશત છે. સેક્ટર-૨૪ માં શાકમાર્કેટ પાસે ભરાયેલા પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ જોઈ શકાય છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશના મહાઅભિયાનાના મોનીટરીંગ માટે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ મોડે સુધી ઓફિસમાં બેઠા હતા.
- મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે ઝુંડાલ વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લીધી હતી.
- કોંગ્રેસના ધારાસભ્યો બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા અને અજીતસિંહ રાઠોડે આજે જિલ્લા વિકાસ અધિકારીની સૌજન્ય મુલાકાત કરી હતી.
- કોંગ્રેસના નીરીક્ષકોની હાજરીમાં આજે ચૂંટણી પ્રભારીઓની અને ઉમેદવારોની બેઠક મળી હતી જેમાં વ્યુહરચનાને લઈ વિચાર-વિમર્શ કરાયો હતો.
- ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૯ માટે આમ આદમી પાર્ટી તરફથી એક ઉમેદવારીપત્ર રજુ થયુ છે. ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે.
- નીલકંઠ વિલા પેથાપુર ખાતે આજે સવારે મહાનગર ભાજપા દ્વારા નવચંડી યજ્ઞ યોજાયો હતો.
- ભાજપ મહિલા મોરચા દ્વારા ૧૧ સ્થળોએ મેડિકલ કેમ્પ યોજ્યા હતા જેમાં ૪૦૦ થી વધુ મહિલાઓએ લાભ લીધો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- જિલ્લાતંત્ર આજે આખો દિવસ બેઠકોમાં વ્યસ્ત રહેશે. ૪ થી વધુ બેઠકો કલેકટર કચેરી ખાતે યોજવામાં આવનાર છે.

બાળ સુરક્ષા ગૃહની દિવાલ કુદી ૧૬ વર્ષીય કિશોર ભાગી ગયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના બાળ સુરક્ષા ગૃહની દિવાલ કુદીને ૧૬ વર્ષીય કિશોર ભાગી જતાં કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. આસપાસના વિસ્તારોમાં શોધખોળ છતા કિશોર ન મળી આવતા બાળ સુરક્ષા ગૃહના અધિક્ષક દ્વારા સેક્ટર-૨૧ પોલીસ મથકે ગુમ કિશોર અંગે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેક્ટર-૧૭ ખાતે બાળ સુરક્ષા ગૃહ આવેલ છે. બાળ સુરક્ષા ગૃહમાં સંભાળ અને રક્ષણની જરૂરીયાતવાળા ૬ થી ૧૮ વર્ષના બાળકો આશ્રય મેળવે છે. અત્યારે હાલના સમયે બાળ સુરક્ષા ગૃહમાં ૨૨ બાળકો છે. આ બાળકો પૈકી ૧૬ બાળકોને ગત તા. ૨-૯-૨૧ના રોજ બાવળા તાલુકાના શિયાળ ખાતે બાળ સુરક્ષા ગૃહમાંથી ગાંધીનગર શહેરમાં શીફ્ટ કરવામાં આવ્યા હતા. ગત તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ રાત્રીના ૮ થી ૯ વાગ્યાના અરસામાં બાળકો ટીવી જોઈ રહ્યા હતા તે સમયે સિક્યુરીટી ગાર્ડ સુરક્ષા ગૃહના દરવાજાને તાળુ મારવા માટે ગયા હતા. આ તકનો લાભ લઈ ૧૬ વર્ષ ૫ માસની ઉંમર ધરાવતો કિશોર ગાયબ થઈ ગયો હતો. સિક્યુરીટી ગાર્ડ દ્વારા ગણતરી કરવામાં આવતા એક કિશોર ઓછો હોવાની જાણ થતા સંસ્થામાં તપાસ કરી હતી પરંતુ કિશોર મળી ન આવતા કચેરી અધિક્ષક મેહુલભાઈ તેરૈયાને જાણ કરી હતી. ત્યારબાદ બાળ સુરક્ષા ગૃહમાં અન્ય કર્મચારીઓ પણ સુરક્ષા ગૃહ ખાતે આવી પહોંચ્યા હતા. બાળ સુરક્ષા લગાવેલા સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા કિશોર આશરે નવ વાગ્યાના અરસામાં દિવાલ કુદીને ભાગી ગયો હોવાનું ધ્યાને આવ્યુ છે. બનાવ અંગે સુરક્ષા ગૃહના અધિક્ષક મેહુલભાઈએ સેક્ટર-૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર કિશોરને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ કૉલેજ, ધણપ, ગાંધીનગર ખાતે વર્ષ ૧૯-૨૦ તથા ૨૦-૨૧ માટેનો ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઓ. જી. વ્યાસ (નિવૃત આચાર્ય, ન્યુ. એજ્યુકેશન હાઈસ્કુલ, ઈડર) અને શ્રી. એન. બી. પટેલ (નિવૃત શિક્ષક, ઉમેદગઢ હાઈસ્કુલ) કે જેઓ સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલના ગુરુજનો છે તેમને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના આચાર્ય ડૉ. શ્રેણિક શાહ દ્વારા વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા અને ડૉ. અંકિત ચૌધરી દ્વારા સંસ્થાની વિવિધ પ્રસિદ્ધિઓ રજુ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનુ આયોજન વિદ્યાર્થીઓની પ્રતિભા અને નિરંતર સખત મહેનતને પ્રોત્સાહિત કરવા અને ઉજવણી માટે કરવામાં આવ્યું હતું, શૈક્ષણિક, રમતગમત, સહ અભ્યાસક્રમ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા બદલ બિરદાવવામાં આવ્યા હતા. રમત-ગમત, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની પ્રતિભા અને સફળતાને માન આપવા માટે પ્રતિષ્ઠિતો દ્વારા લગભગ ૩૫૦ ઈનામ વિતરિત કરાયા હતા.

અડાલજથી ગાડી ચોરી કરનારા બે શખ્સોને અડાલજ પોલીસે ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૧૭

અડાલજ બાલાપીર ચોકડી પાસે તુફાન જીપનો ચાલક ચા પીવા માટે નજીકના ચા ના સ્ટોલ પર ગયો હતો પરંતુ જીપનો ચાલકે ચાવી અંદરથી નીકાળી ન હતી. આ ગંભીર બેદરકારીનો લાભ ઉઠાવી બે શખ્સો તુફાન જીપ ચોરી કરી આંખના પલકારામાં નાસી ગયા હતા. અડાલજ પોલીસમથકે ગુનો નોંધાતા પોલીસે ગણતરીના દિવસોમાં ઝુંડાલ કેનાલ પાસેથી ચોરીની જીપ સાથે બે શખ્સોને દબોચી લીધા હતા.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના રમેશચંદ્ર પારધી છેલ્લા એક વર્ષથી ચેતનલાલ પારધીના ત્યાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તાજેતરમાં તે ગાડીમાં મુસાફરો બેસાડી અડાલજ આવ્યો હતો. બપોરના સમયે બાલાપીર ચાર રસ્તા પાસે ગાડી મુકીને ચા પીવા ગયો હતો તે સમયે તુફાન જીપની ચાવી સાથે લેવાનું ભુલી ગયો હતો. ત્યારબાદ અડધો કલાક બાદ પરત ફરતા જોયુ તો ગાડી પાર્ક કરેલ સ્થળ પર ન હતી. જેને પગલે આસપાસના વિસ્તારમાં ગાડીની શોધખોળ આદરી હતી.

પરંતુ ગાડી મળી આવી ન હતી. જેથી અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

અડાલજ પી.આઈ. ડી.બી. વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી હતી. જેને અનુલક્ષી પોલીસને બાતમી મળી હતી કે ચોરી થયેલી જીપ ઝુંડાલ વિસ્તારમાં છે. પોલીસે ડુંગરપુરના છબીલાલ ઉર્ફે સુભાષ ભુરા રોત અને મહેન્દ્ર વિરેન્દ્રભાઈ ડામોરને ઝડપી લીધા હતા.

પોલીસે બે શખ્સોની પુછતાછ કરતા અગાઉ મુસાફરો બેસાડવા અંગે રમેશચંદ્ર સામે માથાકુટ થઈ હતી. જેથી તેને આર્થિક નુકશાન પહોંચાડવા માટે પાંચ લાખની ગાડીની ચોરી કરી હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે બંનેની ધરપકડ કરી આગળની તપાસ તેજ કરી છે.

કોર્ટ કેસ પરત ખેંચવા માટે ધમકી આપતા પતિ સામે પરિણિતાની ફરીયાદ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર જિલ્લાની યુવતિને લગ્નના ૬ માસના ટુંકા ગાળામાં જ ઘરકંકાસના પગલે તેણીએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે સંદર્ભે કોર્ટ કેસ ચાલી રહ્યો છે આ કોર્ટ કેસ પરત લેવા માટે પતિ ફોન કરીને અવાર નવાર ફોન પર ધમકી અને મેસેજ કરતા યુવતિએ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાની યુવતિના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ વર્ષ ૨૦૧૬માં અમદાવાદ ખાતે રહેતા યુવક સાથે થયા હતા.યુવક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતો હતો.લગ્ન બાદ કેટલાય અરમાનો સાથે યુવતિ તેના પતિના ઘરે રહેવા ગઈ હતી. પરંતુ માત્ર ૬ માસના ટુંકા ગાળામાં યુવતિને ત્રાસ આપવાનું શરુ કર્યું હતું.પરંતુ ઘર સંસાર બગડે નહી તે માટે પરિણિતા મોં ચુપ રાખીને બધુ સહન કરતી હતી.પરંતુ પતિ અને સાસરીયા ત્રણ વર્ષ સુધી શારીરીક માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખતા તેણીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

બનાવ અંગે અમદાવાદના પોલીસ મથકે ગુનો પણ નોંધાયો હતો. જે કેસ હાલમાં પણ કોર્ટમાં ચાલી રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી યુવતિને તેના પતિ અવારનવાર ફોન પર મેસેજ કરી અને કોલ કરીને કેસ પરત ખેંચવા માટે ધમકીઓ આપતો હતો. કેટલીકવાર દારુ પીને ગમે તેમ બોલીને ધમકી આપતા યુવતિએ તેના પતિ સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ તેજ કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રભારીઓની બેઠક બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કોલવડા ગામે કરંટ લાગતા ૨૫ વર્ષીય પરીણિતાનુ મૃત્યુ

ગાંધીનગરને અડીને આવેલા કોલવડા ગામે બપોરના સુમારે પાણીની મોટર ચાલુ કરતા કરંટ લાગવાથી ૨૫ વર્ષીય કોલવડાની પરિણીતાનું મૃત્યુ થયાની ઘટના બનવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લાના દંતાલી ગામની મિતલના લગ્ન ત્રણ વર્ષ અગાઉ કોલવડા ગામે પ્રજાપતિ વાસ ખાતે રહેતા ઉમંગ પ્રજાપતિ સાથે થયા હતા. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા પતિ-પત્નિ કોલવડા ગામે આવ્યા હતા. આજે બપોરના સુમારે ઘરે પાણી ખલાસ થઈ જતા મિતલે પાણીની મોટર ચાલુ કરવા માટે સ્વીચ પાડતા પરિણિતાને વીજ કરંટ લાગતા તે જમીન પર પટકાઈ હતી. બનાવને પગલે મિતલને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે તેના પતિ લઈને આવ્યા હતા. ત્યારે હોસ્પિટલમાં ફરજ પર હાજર ડૉક્ટર દ્વારા મિતલને તપાસી મરણ જાહેર કરી હતી.

કોંગ્રેસના વોર્ડ નં. ૫ ના ઉમેદવાર ગોહિલ બ્રિજરાજસિંહ ગંભીરસિંહે પરમ પૂજ્ય રાષ્ટ્રીય સંત આચાર્ય પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ લીધા હતા.

"સખી" વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગર દ્વારા આત્મહત્યા કરવા નીકળેલ મહિલાનું તેના પરિવાર સાથે મિલન કરાવ્યું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા વિસ્તારની એક મહિલા ઘર કંકાસના કારણે પોતાની જીવનલીલા સંકેલી લેવા માટે કેનાલમાં ઝંપલાવ્યું હતું. સ્થાનિક ખેડૂતો દ્વારા આ મહિલાને બચાવી લેવામાં આવી હતી. ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગર દ્વારા મહિલાનું તેના પરિવારજનો સાથે સુખદ મિલન કરાવી આપ્યું હતું.

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત સખી-વન સ્ટોપ સેન્ટરનો હેતુ કોઈ પણ પ્રકારથી હિંસાથી પીડીત-શોષિત મહિલાને એક જ છત્ર નીચે તાત્કાલિક તમામ પ્રકારની સુવિધા જેવી કે તબીબન્ને સેવા, પરામર્શ, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકિય મદદ પુરી પાડવાનો છે. સખી વન સ્ટોપ સેન્ટર ખાતે માહે ઓગસ્ટ-૨૦૨૧માં ઘરેલુ હિંસાથી પિડિત ૧૭ કેસ, બાળકો પર જાતિય હિંસા ૧ કેસ, મિસિંગ ૧ કેસ આવેલ છે. જેને સખી-વન સ્ટોપ સેન્ટર દ્વારા ૧૯ કેસમાં આશ્રય, તબીબી સહાય, કાઉન્સેલીંગ જેવી વિવિધ સહાય પુરી પાડવામાં આવી છે.

તાજેતરમાં ચિલોડા વિસ્તારમાં રહેતી મહિલાના ઘરમાં કંકાસ થતો હતો. આ મહિલા કંકાસના કારણે પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વિના ચાલી નીકળી હતી. ઘર છોડી નીકળેલી મહિલાએ કેનાલમાં મોતની છંલાગ લગાવી હતી. કેનાલમાં એક મહિલાએ આત્મહત્યા કરવા છલાંગ લગાવી છે તેવી જાણ થતાં આસપાસના ખેડૂતો દ્વારા આ મહિલાને હેમખેમ કેનાલમાંથી બહાર કાઢવામાં આવી હતી.

આ મહિલાના પગલા અંગેની જાણ ૧૮૧ અભયૂમ મહિલા હેલ્પલાઈનમાં કરવામાં આવી હતી. મહિલા હેલ્પલાઈન દ્વારા આ મહિલાને ગાંધીનગર ખાતેના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મુકી જવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાને સિવિલ હોસ્પિટલમાં યોગ્ય સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. તેમની સારવાર દરમ્યાન તેના પરિવારજનોની શોધખોળ પણ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કરવામાં આવી હતી. પરિવારજનોની જાણ થતાં તેમની સાથે વાતચીત કરી ઘર કંકાસ અને અન્ય સુખદ ઉકેલ લાવવામાં આવ્યો હતો. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલા અને પરિવારજનોનો મેળાપ કરાવ્યો તે સમયે હર્ષના આંસુ છલકાઈ ગયા હતા.

ઓનલાઈન ટેનર જાહેર નિવિદા
સને (૨૦૨૧-૨૨)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત બનાસકાંઠા પાલનપુર પીનકોડ નં. ૩૮૫૦૦૧, ફોન નં.૨૫૭૧૯૭ ની કચેરીએથી એમએમજીએસવાય યોજનાના રસ્તાના કામો માટે ખાસકક્ષા-૧, ૨ અને ૩ શ્રેણીમાં નોંધાયેલ તેમજ માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતિ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://rnbnprocure.com તથા www.statetenders.gujarat.gov.in ઉપર તા.૨૨/૦૯/૨૦૨૧૧ થી જોઈ શકાશે. અને ડાઉનલોડ કરી શકાશે. નોટીસ અંગેનો હવે પછીનો કોઈ પણ જરૂરી સુધારો ફકત ઉપરોકત વેબસાઈટ પર જોવા મળશે તથા આ કામોની વિગત નોટીસ બોર્ડ પર જોવા મળશે.

આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપક સાધવાથી મળી રહેશે.

નામાનિ/પાલન/૩૦૨/૨૦૨૧-૨૦૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ટુંકી મુદતની જાહેર નિવિદાનં. ૧૧ સને ૨૦૨૧-૨૨
(ત્રીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જુની કોર્ટ બિલ્ડીંગ, સબજેલની બાજુમાં માલપુર રોડ; મોડાસા ૩૮૩૩૧૫ (ફોન નં : ૦૨૭૭૪-૨૪૭૨૯૩) જી.અરવલ્લી તરફથી વર્ષ ૨૦૨૧-૨૨ સુધી અરવલ્લી જીલ્લામાં આગામી ઉનાળાનાં દિવસોમાં પીવાનાં પાણીની સભંવિત મુશ્કેલી હલ કરવાનાં ભાગરૂપે અરવલ્લી જીલ્લાનાં ગ્રામિણ વિસ્તારોમાં જ્યારે અને ત્યારેનાં ધોરણે જરૂરીયાત ઉભી થતાં પીવાલાયક પાણીનો જથ્થો ટેન્કરો દ્વારા પુરૂ પાડવાની કામગીરી માટેનાં ઈ-ટેન્ડર ફોર્મમાં પાણીના ટેન્કરોનાં યુનિટ રેઈટ માટે એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવપત્રકો મંગાવવામાં આવે છે. **I.D.No. 482066** ઓનલાઈન. ઈ-ટેન્ડર ભરવાની છેલ્લી તા.૨૪/૦૯/૨૦૨૧ છે. ટેન્ડર સાથે બાનાની ઉચ્ચક રકમ રૂ ૧૦૦૦૦-૦૦ અંકે રૂપિયા દશ હજાર પુરાનો Executive Engineer P.H.W.Dn. G.W.S.&S.B. Modasa ના નામનો ડી.ડી./ એફ.ડી.આર. રજુ કરવાની રહેશે. કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય ટેન્ડર મંજુર અગર રદ કરવાનો હક સક્ષમ અધિકારીશ્રી દ્વારા અબાધિત રાખવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.gwssb.org, તથા http://www.statetenders.gujarat.gov.in તથા અત્રેની કચેરીમાં જોઈ શકાશે.

પીવાના પાણીની માટેની મુશ્કેલી અંગેની રજુઆત ગ્રામીણ ક્ષેત્ર માટે બોર્ડની મુખ્ય કચેરીની હેલ્પ લાઇન ટોલ ફ્રી નંબર- ૧૯૧૬ ઉપર કરી શકાશે

નામાનિ/હિંમત/૩૧૯/૨૦૨૧

મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર ૨
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો)

જીલ્લો ::- મહેસાણા
ક્રમાંકઃ- અમ/૨૦૨૧/૨૮૯/મ/જમહ/૧૪૨૦૧૮/૨૩૦૫/ઘ તા.૧૨/૦૭/૨૦૨૧

ગુજરાત સરકાર ધ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને. પુનઃવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જયારે ગુજરાત સરકારને લાગે છે કે નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરીયાત " ધરોઈ નહેરના બાંધકામ માટે શાખા નં.૩ ની ડીસ્ટ્રીબ્યુટરી ડી ૫ ટીની માઈનોર એમ ૧ આર ની સબ માઈનોર એસએમ ૪ ટી નહેરના બાંધકામના " જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અને જયારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ/૨૦૨૦-૮૩૨-મ-જમહ-૧૪૨૦૧૮-૨૩૦૫-ધ તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે શિડયુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ સીપુ યોજના પાલનપુરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ ની જોગવાઈ હેઠળએ જાહેર કરવામાં આવે છે કે ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ મોટીદાઉ તાલુકા - મહેસાણા જી.મહેસાણા ની કુલ ૦-૦૬-૪૦ હે.આરે.ચો.મી. ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહયુ અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) ના કલમ-૩(જી) હેઠળ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ સીપુ યોજના પાલનપુર ને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ 'માટે કલેકટરના બધાં કાર્યો કરવા માટે નિયુકત કરવામાં આવે છે. જમીનના નકશાનુ નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ સીપુ યોજના પાલનપુરની ઓફિસમાં કરી શકાશે.

જિલ્લો - મહેસાણા તાલુકો - મહેસાણા ગામ - મોટીદાઉ

અ.નં	સર્વે નંબર	સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)
૧	૮૪૭	૦-૦૬-૪૦
	કુલ	૦-૦૬-૪૦

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

પ્રમાણિત કરેલ છે.
સહી/-
સીપુ યોજના, પાલનપુર વતી

(આઈ. ડી. ચૌધરી)
સરકારના નાયબ ઉપસચિવ
ક્રમાંક : નામાનિ/મહે/૨૩૩/૨૦૨૧-૨૨

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૯/૨૦૨૧
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકારઅધિનિયમ–૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો) જીલ્લો ::–મહેસાણા
ક્રમાંકઃ:–અમ–૨૦૨૧–૪૧૦–મ–જમક–૧૭૨૦–૧૯૮૩–ઘ

રાજય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબીવળતર અને પારદર્શકતા અધિકારઅધિનિયમ–૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો)અન્વયે મળેલી સત્તાઅન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની "ધરોઈ એકસટેન્ડેડ કમાન્ડની વિજાપુર પ્રશાખાની સાંકળ ૩૩૬૦ થી ૪૩૭૫ મીવચ્ચે"ના પ્રોજેકટનાજાહેર હેતું માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકારઅધિનિયમ–૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ–૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્યવ્યકિતઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરશ્રીની મંજુરી વિના વેચાણ,પટા,ગીરો,નામફેર,વિનિમય ધ્વારા અથવા સદરહું જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમનીકલમ–૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુકત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહું અધિનિયમનીકલમ–૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યુ હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તારીખ ૧૨ ઓગષ્ટ ૨૦૧૬ ના રાજય સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેનામાં ક્રમાંક એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટ ભાગ–૪, ગુજરાત એકટ નં.૨૦૧૬ નો ૧૨મો, સાથે વાંચતા જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકારઅધિનિયમ–૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ની કલમ–૩જી હેઠળ ગુજરાત સરકાર સદરહુ જમીનોના સબંધમાં સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટેનાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને માણસા તાલુકો માટે જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

જમીનના પ્લાનનુ નિરીક્ષણ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમ્યાન કરી શકાશે.

સંપાદન બાબતે હિત ધરાવતી વ્યકિતને જો કોઈ વાંધાઓ હોય તો આ જાહેનામુ પ્રસિધ્ધ થયા તારીખની ૬૦ (સાઠ) દિવસમાં કલમ–૧૫ ની જોગવાઈઓ મુજબ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને રજુ કરવાના રહેશે.

અનુસૂચિ જીલ્લા : મહેસાણા તા : વિજાપુર ગામ : વિજાપુર–૨

અ.નં	સર્વે નંબર	સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)
૧	૨૭૪૨	૦-૦૦-૪૭
૨	૨૭૩૪	૦-૨૩-૯૬
૩	૨૭૩૨	૦-૧૬-૦૫
૪	૨૭૩૩	૦-૦૨-૪૭
૫	૨૭૨૮	૦-૦૩-૭૫
૬	૨૭૨૯	૦-૦૨-૪૮
૭	૩૭૩૨	૦-૦૪-૨૪
૮	૩૭૩૩	૦-૦૯-૨૭
૯	૨૭૨૫	૦-૧૩-૦૩
૧૦	૨૭૨૬	૦-૦૩-૭૪
૧૧	૪૦૧૬	૦-૦૯-૭૩
૧૨	૪૦૧૭	૦-૦૩-૪૪
૧૩	૪૦૧૨	૦-૦૪-૯૨
૧૪	૪૦૧૪	૦-૧૨-૮૪
૧૫	૪૦૧૯	૦-૧૦-૯૭
૧૬	૪૦૨૨	૦-૦૨-૧૦
૧૭	૪૦૧૦	૦-૧૪-૩૧
૧૮	૪૦૧૧	૦-૧૧-૮૪
૧૯	૪૦૦૮	૦-૦૦-૫૦
૨૦	૪૦૦૯	૦-૦૫-૩૫
૨૧	૪૦૨૩	૦-૦૫-૮૦
૨૨	૪૬	૦-૧૨-૪૫
૨૩	૪૭	૦-૧૨-૧૦
૨૪	૪૮	૦-૦૪-૫૬
૨૫	૪૯	૦-૧૮-૪૦
૨૬	૧૦૨	૦-૧૯-૪૭
૨૭	૧૦૩	૦-૧૮-૨૦
૨૮	૯૯	૦-૦૭-૧૧
૨૯	૯૭	૦-૦૧-૯૮
૩૦	૯૮	૦-૦૫-૨૦
૩૧	૧૦૫	૦-૦૫-૧૮
૩૨	૧૦૬	૦-૦૧-૩૦
૩૩	૯૨	૦-૦૭-૦૮
૩૪	૯૩	૦-૧૪-૬૬
૩૫	૧૦૮	૦-૧૨-૦૮

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી
(એચ.જે.રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૩૨૨/૨૦૨૧